## સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ ૨૦૧૯-૨૦ના વેઇટીંગ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે ઓનલાઇન જિલ્લા પસંદગી અંગેની સૂચનાઓ

- શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામાની જોગવાઈઓ મુજબ વેબસાઈટ પર તા.૦૯/૦૨/૨૦૨૧ના રોજ **Qualified** વેઇટીંગ લીસ્ટ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- વિષયવાર,કેટેગરીવાર ઉપલબ્ધ જગ્યાઓ અને વેઇટીંગ લિસ્ટમાં ઉપલબ્ધ ઉમેદવારોના પ્રમાણમાં સરકારી માધ્યમિકનું વેઇટીંગ લિસ્ટ કાર્યરત કરેલ છે. આ **Qualified** વેઇટીંગ લિસ્ટમાં સમાવિષ્ટ દરેક ઉમેદવારની સામે તેમની પસંદગી કઇ કેટેગરીમાં થયેલ છે તેની વિગતો દર્શાવવામાં આવેલ છે. તેમજ **Qualified** વેઇટીંગ લિસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને આ અંગેની **SMS** થી જાણ કરેલ છે.
- **Qualified** વેઇટીંગ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોએ પોતાની ઓનલાઇન જિલ્લા પસંદગી આપવાની રહેશે.
- **Qualified** વેઇટીંગ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી તા.૧૪/૦૨/૨૦૨૧ ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધી વેબસાઈટ **www.gserc.in** પર પોતાની ઓનલાઇન જિલ્લા પસંદગી આપી શકશે.
- **Qualified** વેઇટીંગ લિસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે ઓનલાઇન જિલ્લા પસંદગી આપવાની રહેશે.
- ઓનલાઇન જિલ્લા પસંદગી ન આપનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવશે. જેની સંબંધિતો ખાસ નોંધ લેવી.
- ઓનલાઇન જિલ્લા પસંદગી આપવા માટે, ...................................
  - ઉમેદવાર વેબસાઈટ **www.gserc.in** પર જઈ Apply for Secondary Government વિકલ્પ કલીક કરવાનો રહેશે.
  - જે કલીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ અને ફિક્સ **Captcha Code** નાખી લોગઈન થવાનું રહેશે.
  - લોગઈન થતાં ઉમેદવારના ઓનલાઇન અરજીફોર્મમાં રજિસ્ટર્ડ મોબાઈલ પર **OTP** આવશે. જે **OTP** એન્ટર કરતાં સ્ક્રીન પર ઉમેદવારના વિષય અને કેટેગરી મુજબ ઉમેદવારના માટે ઉપલબ્ધ જિલ્લાઓના નામ ખૂલશે. દા.ત. ઉમેદવાર ગુજરાતી વિષયના હોય અને તેમને એલોટેડ કેટેગરી જનરલ હોય તો ગુજરાતી વિષયની જનરલ કેટેગરીની જગ્યાઓ જે જે જિલ્લામાં હોય તે જિલ્લાના નામ ઉમેદવારની સ્ક્રીન પર દેખાશે. આ તમામ જિલ્લાઓને કલીક કરી ઉમેદવારે પોતાના પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે.
  - ઓનલાઇન જિલ્લા પસંદગી આપતી વખતે ઉમેદવારે તેઓ માટે ઉપલબ્ધ તમામ જિલ્લાઓને પોતાની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે, એટલે કે ૧૦૦% જિલ્લા પસંદગી આપશો તો જ ઓનલાઇન જિલ્લા પસંદગી સબમીટ થશે. અન્યથા આપની ઓનલાઇન જિલ્લા પસંદગી સ્વીકૃત બનશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
  - ઉમેદવારો પોતાની જિલ્લા પસંદગીમાં જિલ્લા પસંદગી આપવાની છેલ્લી તા.૧૪/૦૨/૨૦૨૧ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધી ફેરફાર કરી શકશો. પરંતુ તા.૧૪/૦૨/૨૦૨૧ના રોજ સાંજે ૬.૦૦ કલાકે આપે જે જિલ્લા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે અને તદ્દનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઇન જિલ્લા ફાળવણી કરવામાં આવશે.
  - **જિલ્લા ફાળવણી થયા બાદ બીજા તબક્કામાં ઓનલાઇન શાળા ફાળવણી કરવામાં આવશે. જે અંગે અલગથી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવશે.**
  - ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપને શુભકામનાઓ પાઠવે છે.